# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 12-02-2025** **MORNING: 7.45 TO 7.55**
**Day: WEDNESDAY** **National News**

આકાશવાણી સમાચાર **સંસ્કૃતિ ભુંડીયા** વાંચે છે.

****************************************************

**1)** પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ફ્રેન્ચ કંપનીઓને સંરક્ષણ, ઊર્જા, ઉડ્ડયન, અવકાશ, અને આરોગ્યસંભાળ ક્ષેત્રોમાં રોકાણ કરવા આમંત્રણ આપ્યું. પ્રધાનમંત્રી હાલ માર્સેલીમાં પહોંચ્યા.

**2)** પરીક્ષા પે ચર્ચા કાર્યક્રમના બીજા એપિસોડમાં આજે અભિનેત્રી દિપીકા પદુકોણ વાત કરશે.

**3)** ઇલેક્ટ્રોનિક્સ અને આઇટી મંત્રી અશ્વિની વૈષ્ણવે કહ્યું છે કે, લેમ રિસર્ચે ભારતમાં 10 હજાર કરોડથી વધુના મોટા રોકાણની જાહેરાત કરી.

**4)** કેન્દ્રીય મંત્રી ડૉ. મનસુખ માંડવિયાએ અગ્રણી સાયકલ ઉત્પાદકોને તમામ વય જૂથોમાં સાયકલ ચલાવવાને પ્રોત્સાહન આપવા વિનંતી કરી

**5)** પ્રયાગરાજમાં આજે મહાકુંભનું માઘી પૂર્ણિમા સ્નાન ચાલી રહ્યું છે. અત્યાર સુધીમાં 46 કરોડથી વધુ ભક્તોએ પવિત્ર સંગમમાં સ્નાન કર્યું

**6)** ભારત અને ઇંગ્લેન્ડ વચ્ચે ત્રણ મેચની એક દિવસીય શ્રેણીની છેલ્લી મેચ આજે અમદાવાદમાં નરેન્દ્ર મોદી સ્ટેડિયમ ખાતે રમાશે

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

# INDO FRECH CEOs FORUM

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી અને ફ્રાન્સના રાષ્ટ્રપતિ ઇમેન્યુઅલ મેક્રોને ગઈકાલે પેરિસમાં 14મા ભારત-ફ્રાન્સ સીઈઓ મંચને સંબોધિત કર્યું. બંને નેતાઓએ વેપાર સંબંધોને મજબૂત કરવા અને નવીનતાને પ્રોત્સાહન આપવાની પ્રતિબદ્ધતાનો પુનરોચ્ચાર કર્યો. બંને દેશોના ઉદ્યોગના ટોચના પ્રતિનિધિઓએ સંરક્ષણ, એરોસ્પેસ, કૃત્રિમ બુદ્ધિમત્તા, માળખાગત સુવિધાઓ અને ટકાઉ વિકાસના ક્ષેત્રો પર ધ્યાન કેન્દ્રિત કર્યું.

પ્રધાનમંત્રીએ વૈશ્વિક રોકાણ સ્થળ તરીકે ભારતના વધતા આકર્ષણ પર પ્રકાશ પાડી સ્થિર નીતિઓ અને તાજેતરના આર્થિક સુધારાઓ પર ભાર મૂક્યો.

## (બાઇટ – પ્રધાનમંત્રી)

પ્રધાનમંત્રીએ ફ્રેન્ચ કંપનીઓને સંરક્ષણ, ઊર્જા, ઉડ્ડયન, અવકાશ, ફિનટેક અને આરોગ્યસંભાળ ક્ષેત્રોમાં રોકાણ કરવા આમંત્રણ આપ્યું.

વિદેશમંત્રી એસ. જયશંકરે પણ ફોરમને સંબોધિત કર્યું અને AI અને નવીનતા માટે વૈશ્વિક અને સમાવિષ્ટ અભિગમના મહત્વ પર ભાર મૂક્યો. તેમણે મુખ્ય ક્ષેત્રોમાં ભારત-ફ્રાન્સ અને ભારત-યુરોપિયન સંઘ વચ્ચે સહયોગને મજબૂત બનાવવા, ઉત્પાદનમાં વૈવિધ્યકરણ કરવા અને સરળ પુરવઠા શૃંખલા બનાવવા અંગે વાત કરી. તેમણે સ્વચ્છ ઉર્જા, માળખાગત સુવિધાઓ અને સંરક્ષણ ઉત્પાદનમાં નવી તકો પર પણ પ્રકાશ પાડ્યો.

# PM-MARSEILLE

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે વહેલી સવારે દક્ષિણ ફ્રાન્સના માર્સેલી પહોંચ્યા. પ્રધાનમંત્રીની મુલાકાત અંગે અમારા સંવાદદાતાએ જણાવ્યું કે પેરિસમાં શ્રેણીબદ્ધ ઉચ્ચ સ્તરીય કાર્યક્રમો બાદ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી ફ્રાન્સના રાષ્ટ્રપતિ ઇમેન્યુઅલ મેક્રોન સાથે માર્સેલી પહોંચ્યા. માર્સેલીમાં ભારતીય સમુદાયે પ્રધાનમંત્રીનું ઉષ્માભર્યું અને ઉત્સાહપૂર્વક સ્વાગત કર્યું.

બંને નેતાઓ સંયુક્ત રીતે માર્સેલીમાં ભારતના પ્રથમ નવા કોન્સ્યુલેટનું ઉદ્ઘાટન કરશે, જે દક્ષિણ ફ્રાન્સમાં ભારતીય સમુદાય માટે કોન્સ્યુલર સેવાઓમાં વધારો કરશે એટલું જ નહીં પરંતુ ભારત-મધ્ય પૂર્વ-યુરોપ આર્થિક કોરિડોર (IMEC) માં પણ મહત્વપૂર્ણ ભૂમિકા ભજવશે.

# PM-PPC MENTAL HEALTH

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ જણાવ્યું કે, 'પરીક્ષા યોદ્ધાઓ' જે સૌથી સામાન્ય વિષયો પર ચર્ચા કરવા માંગે છે તેમાંથી એક વિષય માનસિક સ્વાસ્થ્ય અને સુખાકારીનો છે. શ્રી મોદીએ સોશિયલ મિડીયા પોસ્ટમાં કહ્યું કે, આ વર્ષની પરીક્ષા પે ચર્ચામાં આ વિષય પર ખાસ એપિસોડ તૈયાર કરવામાં આવ્યો છે, જે આજે પ્રસારિત થશે. આ વિષય પર અભિનેત્રી દિપીકા પદુકોણ વાત કરશે.

પ્રધાનમંત્રીએ દરેક વ્યક્તિને પરીક્ષા પે ચર્ચા 2025ના તમામ આઠ એપિસોડ જોવા અને પરીક્ષા યોદ્ધાઓને પ્રોત્સાહિત કરવા વિનંતી કરી.

# VAISHNAW-SEMICONDUCTOR

ઇલેક્ટ્રોનિક્સ અને આઇટી મંત્રી અશ્વિની વૈષ્ણવે કહ્યું છે કે,લેમ રિસર્ચે ભારતમાં 10 હજાર કરોડથી વધુના મોટા રોકાણની જાહેરાત કરી છે. એક સોશિયલ મીડિયા પોસ્ટમાં શ્રી વૈષ્ણવે કહ્યું કે, ભારતની સેમિકન્ડક્ટર યાત્રામાં આ પગલું એક વધુ સીમાચિહ્નરૂપ છે. તેમણે કહ્યું કે, પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના સેમિકન્ડક્ટર વિઝનમાં આ બાબત વિશ્વાસનો મોટો મત છે.

આ પહેલ ઇન્ડિયા સેમિકન્ડક્ટર મિશન (ISM) નો એક ભાગ છે, જે સેમિકન્ડક્ટર ઉદ્યોગમાં રોકાણોને આમંત્રિત કરવા માટે કેન્દ્રની એક પહેલ છે. તેનો ઉદ્દેશ્ય ભારતને સેમિકન્ડક્ટર ડિઝાઇન, ઉત્પાદન અને ટેકનોલોજી વિકાસ માટે વૈશ્વિક કેન્દ્ર તરીકે સ્થાપિત કરવાનો છે.

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/ગુજરાતી અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

## ગોન્ગ મ્યુઝીક

. . . . . . . . . . . . . .

# MANDAVIYA-CYCLE MANUFACTURERS

કેન્દ્રીય રમતગમત મંત્રી ડૉ. મનસુખ માંડવિયાએ અગ્રણી સાયકલ ઉત્પાદકોને તમામ વય જૂથોમાં સાયકલ ચલાવવાને પ્રોત્સાહન આપવા વિનંતી કરી. અગ્રણી સાયકલ ઉત્પાદકો સાથેની બેઠક દરમિયાન, શ્રી માંડવિયાએ ભાર મૂક્યો કે, આવા પ્રોત્સાહનો સ્વાભાવિક રીતે લોકોને સાયકલ ચલાવવા તરફ દોરી જશે.

તેમણે ઉલ્લેખ કર્યો કે, સાયકલ ચલાવવાથી દેશના કાર્બન ફૂટપ્રિન્ટમાં નોંધપાત્ર ઘટાડો થઈ શકે છે. વ્યાપાર જગતના પ્રતિનિધિઓએ બેઠકમાં હાજરી આપી 'સન્ડે ઓન સાયકલ' પહેલને સમર્થન આપવા પ્રતિબદ્ધતા દર્શાવી.

# MAHAKUMBH - MAGH PURNIMA

પ્રયાગરાજમાં આજે મહાકુંભનું માઘી પૂર્ણિમા સ્નાન ચાલી રહ્યું છે. આ સ્નાનનું વિશેષ મહત્વ છે કારણ કે તે કલ્પવાસની ખાસ વિધિના સમાપનનું પ્રતીક છે. આ વર્ષે 10 લાખથી વધુ  કલ્પવાસીઓ તેમાં ભાગ લેશે. મહાકુંભમાં કલ્પવાસ ખાસ કરીને ફળદાયી માનવામાં આવે છે. એવું માનવામાં આવે છે કે માઘ પૂર્ણિમા સુધી પ્રયાગરાજમાં સંગમના કિનારે કલ્પવાસ કરવાથી હજાર વર્ષની તપસ્યાનું ફળ મળે છે.

ઉત્તરપ્રદેશ સરકારે આ પ્રસંગે ખાસ ટ્રાફિક વ્યવસ્થા તેમજ મજબૂત સુરક્ષા વ્યવસ્થા કરી છે. 13 જાન્યુઆરીથી શરૂ થયેલા મહાકુંભમાં અત્યાર સુધીમાં 46 કરોડથી વધુ ભક્તોએ પવિત્ર સંગમમાં સ્નાન કર્યું છે.

# CRICKET - IND VS ENG

ભારત અને ઇંગ્લેન્ડ વચ્ચે ત્રણ મેચની એક દિવસીય શ્રેણીની છેલ્લી મેચ આજે અમદાવાદમાં નરેન્દ્ર મોદી સ્ટેડિયમ ખાતે રમાશે. મેચ બપોરે દોઢ વાગ્યે શરૂ થશે. ભારતીય ટીમ પહેલાથી જ શ્રેણીમાં 2-0થી અજેય લીડ મેળવી ચૂકી છે. કટકમાં રમાયેલી છેલ્લી મેચમાં કેપ્ટન રોહિત શર્માએ સદી ફટકારી હતી.

# BUMRAH RULED OUT

ભારતના ઝડપી બોલર જસપ્રીત બુમરાહને પીઠની ઈજાના કારણે ICC ચેમ્પિયન્સ ટ્રોફી માટે ભારતીય ક્રિકેટ ટીમમાં સામેલ કરવામાં આવ્યો નથી. ભારતીય ક્રિકેટ કંટ્રોલ બોર્ડ (BCCI) એ ગઈકાલે રાત્રે કહ્યું કે બુમરાહના સ્થાને હર્ષિત રાણાને ટીમમાં સામેલ કરવામાં આવ્યો છે.

ઈંગ્લેન્ડ સાથે ચાલી રહેલી એક દિવસીય ક્રિકેટ શ્રેણીમાં, રાણાએ બે મેચમાં ચાર વિકેટ ખેરવી હતી. યશસ્વી જયસ્વાલના સ્થાને સ્પિનર વરુણ ચક્રવર્તીને ટીમમાં સ્થાન આપવામાં આવ્યું છે. યશસ્વી જયસ્વાલ, મોહમ્મદ સિરાજ અને શિવમ દુબેને વિકલ્પો તરીકે રાખવામાં આવ્યા છે અને જરૂર પડ્યે તેઓ દુબઈ જશે.

## <u>હવે જોઇએ આજના અખબરોમાં પ્રસિધ્ધ થયેલા મુખ્ય સમાચાર રજૂ કરે છે જયેશ વેગડા</u>

આજના અખબારોના મુખ્ય સમાચારોમાં

1. અમેરિકાના ટેરિફ મુદ્દાને મથાળે લેવાયો છે.

2. ગુજરાત સમાચાર લખે છે, ટેરિફ વોર – રૂપિયાનું પતન રોકવા રિઝર્વ બેંકના પાંચ અજબ ડોલરના વેચાણ વચ્ચે શેરોમાં કડાકો

3. ફૂલછાબ કહે છે, ટેરિફ મુદ્દે અમેરિકાનો ભારતને દબાવવા પ્રયાસ

4. ટેરિફ વોર સે લગાતાર પાંચવે દિન ટૂટા બાઝાર – રાજસ્થાન પત્રિકા

5. અમેરિકાની જેમ યુ.કે.માં ગેરકાયદે ઈમિગ્રેન્ટસને પકડી પાડવા રેસ્ટોરામાં દરોડા – આ સમાચારને સંદેશે પ્રથમ પાને લીધા છે.

6. આજે મહાકુંભમાં માઘ પૂર્ણિમાનુ શાહી સ્નાન, યોગીએ સમગ્ર તંત્ર એલર્ટ કર્યું આ સમાચાર દરેક અખબારમાં છે.

7. આર્ટિફિશ્યલ ઈન્ટેલીજન્સ આ સદીના માનવતાના કોડ લખી રહ્યું છે – પીએમ મોદી – સંદેશ, તો નવગુજરાત સમય લખે છે AIને વિશ્વસનીય પારદર્શક અને પૂર્વગ્રહોથી મુક્ત બનાવવું જરુરી – PM મોદી

8. સંસદની કાર્યવાહી સંસ્કૃત, ઉર્દૂ સહિત 6 ભાષામાં ઉપલબ્ધ બનશે.